નડિયાદના કસાઈવાડામાં રહેણાક મકાનમાં ચાલતા ગેરકાયદે કતલખાના પર પોલીસનો દરોડો

નડિયાદમાં ગૌમાંસ સાથે 5 પકડાયાં

પોલીસે બે પુરુષ અને ત્રણ મહિલાઓ સામે ગુનો નોંધી રૂ. 38,505નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગૌવંશના અવશેષો મળી આવવાની ફરિયાદોને પગલે પોલીસ અધિક્ષક દ્વારા આપવામાં આવેલા કડક તપાસના આદેશોના ફળસ્વરૂપે નડિયાદ ટાઉન પોલીસે એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શહેરના પાંચ હાટડી વિસ્તારમાં આવેલા કસાઈવાડાના એક રહેણાક મકાન પર બાતમીના આધારે ત્રાટકેલી પોલીસે ગેરકાયદેસર કતલ કરાયેલ 360 કિલો ગૌમાંસનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે બે પુરુષો અને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરતી ત્રણ મહિલાઓ મળી કુલ પાંચ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના પાંચ હાટડી વિસ્તારમાં રહેતો મહંમદસલીમ ગુલામહુસેન કુરેશી પોતાના ઘરે પશુ લાવી તેની કતલ કરી રહ્યો છે. આ બાતમીના આધારે જ્યારે પોલીસે મકાન પર દરોડો પાડ્યો ત્યારે ઓસરીના ભાગે પશુના માંસના અવશેષો, લોહીવાળું દોરડું અને ચામડું મળી આવ્યું હતું. વધુ તપાસ માટે મકાનના ઉપરના માળે સર્ચ કરતા એક રૂમમાંથી પશુના માંસના ટુકડા, માથું, ફેફસાં અને હૃદયનો ભાગ મળી આવ્યો હતો. વેટરનરી ડોક્ટરને સ્થળ પર બોલાવી તપાસ કરાવતા આ જથ્થો ગૌમાંસ હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ કાર્યવાહી દરમિયાન પોલીસને મકાનના નીચેના ભાગમાં ત્રણ મહિલાઓ - રૂકશાનાબાનુ, અતિફાબાનુ અને અફરોજાબાનુ ગૌમાંસના ટુકડાઓને સગેવગે કરવાનો પ્રયાસ કરી રહી હતી, જેમને પોલીસે રંગેહાથ ઝડપી પાડી હતી. પકડાયેલા શખ્સોએ કબૂલાત કરી હતી કે તેઓ ગાય લાવીને તેની કતલ કરતા હતા. હાલમાં પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી આ ગેરકાયદે પ્રવૃત્તિમાં અન્ય કોણ-કોણ સામેલ છે ? તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ કાર્યવાહીમાં પોલીસે સ્થળ પરથી 360 કિલો ગૌમાંસ, 5 મોટા છરા અને 5 છરી, વજનકાંટા અને મોબાઈલ મળી કુલ રૂ.38,505નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા આરોપીઓના નામ:

મહંમદસલીમ ઉર્ફે શબ્બીર પીંકી કુરેશી, મોહમંદરફીક ગુલામહુશેન કુરેશી, રૂકશાનાબાનુ અબ્દુલકાદર કુરેશી, અતિફાબાનુ મોઇનહુશેન કુરેશી, અફરોજાબાનુ જાવેદહુસેન કુરેશી.

મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની આખરી પ્રસિદ્ધિ

આણંદ: 15.89 લાખ મતદારોનો ફાઈનલ યાદીમાં સમાવેશ કરાયો

નોટીસ અને અપીલ સુનાવણીના તબક્કા બાદ 10,966 મતદારોના નામ આખરી મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) આણંદ, તા.17

મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) ગત 4 નવેમ્બર 2025થી શરૂ કરવામા આવેલ હતી. જે અંતર્ગત આણંદ જિલ્લામા મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ(SIR)ના વિવિધ તબક્કા દરમ્યાન વિવિધ કામગીરી કરવામાં આવેલ હતી,જેનો અંતિમ તબક્કો મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ મંગળવારે કરવામાં આવી છે.

કલેકટર કચેરી આણંદ ખાતે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરતા સમયે નિવાસી અધિક કલેકટર આર. એસ. દેસાઈએ મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અન્વયે ની વિગતો આપતા જણાવ્યું હતું કે આણંદ જિલ્લામા મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) શરૂ થતા પહેલા કુલ 18,12,327 મતદાર હતા.પ્રથમ તબક્કા દરમ્યાનની કામગીરી બાદ મુસદ્દા મતદારયાદી માં કુલ 15,80,547 મતદાર દાખલ થયેલ હતા. જે પૈકી નોટીસ અને અપીલ સુનાવણીના તબક્કા બાદ 10,966 મતદારોના નામ પુરાવાના અભાવે અથવા પાત્રતા ન ધરાવતા હોઈ, આખરી મતદારયાદીમાંથી દૂર કરવામાં આવેલ છે.

SIR ના સમયગાળા માં મળેલ ફોર્મ-૬, ફોર્મ-૭ અને ફોર્મ-૮ પરની કાર્યવાહીના અંતે આખરી મતદાર યાદીમા 19,606 નવા મતદારોનો સમાવેશ થયેલ છે.

આમ, SIR ના તમામ તબક્કા બાદ પાત્રતા ધરાવતા 15,69,581 અને નવા ઉમેરાયેલા 19606 એમ મળી કુલ 15,89,187 મતદારોના નામનો સમાવેશ કરી આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આણંદના નાગરિકો પોતાનું નામ આ મતદારયાદીમાં મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી અને online https://ceo.gujarat.gov.in પર ચકાસી શકે છે

જે મતદારોના નામ પુરાવાના અભાવે પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીમાં ન હોય તેવા લાયક મતદારો ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિયત થયેલ પુરાવા પૈકીના પુરાવા, ડીકલેરેશન ફોર્મ સહીત ફોર્મ 6 ભરી મતદારયાદીમાં નામ ફરીથી નોંધાવી શકે છે તે ખાસ ધ્યાને લેવા જાહેર જનતાને જણાવેલ છે.

આણંદ જિલ્લામા મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશને સફળ બનાવવા માટે SIR ની કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓ, કર્મચારીઓ, BLO તેમજ જાહેર જનતાનો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ સમયે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અનિતાબેન લાછુન, ચૂંટણી શાખાના કર્મચારી ઉપસ્થિત પણ રહ્યા હતા.

આણંદમાં સૌથી વધુ 2.56 લાખ અને ઓછુ સોજિત્રામાં 2.05 લાખ મતદારો

મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ દરમિયાન જાહેર કરાયેલી વિગતો મુજબ સાત વિધાનસભામા કુલ15,89,187 મતદારોનો ફાઇનલ સમાવેશ કરવામાં આવ્યો છે. 108 ખંભાત વિધાનસભા મતવિસ્તારમાં 2,18,674, 109 બોરસદ વિધાનસભામાં 2,39,098, 110 આંકલાવ વિધાનસભામાં 2,06,899, 111 ઉમરેઠ વિધાનસભામાં 2,42,836, 112 આણંદ વિધાનસભામાં 2,56,494, 113 પેટલાદ વિધાનસભામાં 2,19,332 અને 114 સોજિત્રા વિધાનસભા મત વિભાગમાં 2,05,854 મળીને કુલ 15,89,187 મતદારો ફાઇનલ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મતદાર યાદી સંબંધી વધુ વિગતો આપતા જણાવ્યું કે આણંદ જિલ્લામાં ફોર્મ નંબર 6 હેઠળ 23106, ફોર્મ નંબર 7 હેઠળ 14466 અને ફોર્મ નંબર 8 હેઠળ 14418 મળીને કુલ 51,990 ફોર્મ સ્વીકાર કરવામાં આવેલ હતા. તે પૈકી નેટ 19,606 નવા મતદારોના નામનો પણ ફાઇનલ મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શિક્ષકે સગીરા સાથે કરી અડપલાં, તો આચાર્યએ વિદ્યાર્થીને મારમાર્યો

સુરેલી શાળામાં વિદ્યાર્થિનીસાથે અડપલામાં શિક્ષકની ધરપકડ

સુરેલીમાં વાલીઓના હોબાળા બાદ પોલીસે બે અલગ અલગ ગુના નોંધાયાં

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.17

ઉમરેઠના સુરેલી ગામની પ્રાથમિક શાળામાં વાલીઓના હલ્લાબોલ બાદ પોલીસે બે અલગ અલગ ગુના નોંધ્યાં છે. જેમાં શાળાના એક શિક્ષકે સગીર વિદ્યાર્થીનીઓ સાથે અનૈતિક અને અભદ્ર વર્તન આચર્યું હોવાની અને બીજી તરફ આચાર્યએ નજીવી બાબતે માસૂમ બાળકોને ક્રૂરતાપૂર્વક માર માર્યાની ફરિયાદ નોંધાઇ છે. જેમાં અડપલાં કરનારા શિક્ષકની ધરપકડ કરવામાં આવી છે.

સુરેલીની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક વિરમભાઇ સોમાભાઇ દેસાઇ (રહે. બાયડ)એ એક સગીર દીકરીને ખોળામાં બેસાડી તેની સાથે અભદ્ર ચેનચાળા કર્યા હતા. એટલું જ નહીં, તેણે ધોરણ 5ના વિદ્યાર્થી અને અન્ય એક સગીર વિદ્યાર્થિની સાથે ગંદી અને વિપરીત વાતો કરી બાળકોની કુમળી વયનો પણ વિચાર કર્યો નહોતો. આ ઉપરાંત શાળાના આચાર્ય અલ્પેશકુમાર અમૃતલાલ પટેલે પણ પોતાની સંવેદનહીનતાનો પરિચય આપ્યો છે. ધોરણ 4ના વિદ્યાર્થીઓથી એક લાકડાનો ઘોડો નીચે પડી જવાની સામાન્ય બાબતે ઉશ્કેરાઈ જઈ આચાર્યએ ધોરણ 5ની ચાર સગીર વિદ્યાર્થીનીઓ અને એક વિદ્યાર્થીને બેરહેમીથી માર માર્યો હતો. આ અત્યાચારને કારણે બાળકોના બરડા લાલચોળ થઈ ગયા હતા અને એક વિદ્યાર્થીને ગળાના ભાગે ઈજાઓ પહોંચી હતી.

આ વેદના વિદ્યાર્થીઓએ પોતાના વાલીઓને જણાવતા મામલો બિચક્યો હતો. વાલીઓએ આ અમાનવીય હરકતો બદલ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં બે અલગ-અલગ ફરિયાદો નોંધાવી છે. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ શિક્ષક વિરમભાઇ દેસાઇની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના સુરેલી ગામની પ્રાથમિક શાળામાં સોમવારના રોજ વાલીઓ દ્વારા ભારે હોબાળો કરવામાં આવ્યો હતો. બાદમાં આ મામલો પોલીસમથકે પહોંચ્યો હતો.

તારાપુરમાં સારવાર કરતો 'ઝોલાછાપ' ડોક્ટર પકડાયો

પોલીસે 17,926નો મુદ્દામાલ કબજે કર્યો

પશ્ચિમ બંગાળનો શખ્સ મેડિકલ સ્ટાફની હાજરીમાં પકડાયો

(પ્રતિનિધિ) તારાપુર તા.17

તારાપુર પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મિલનપુરા મુખી ફળિયામાં દરોડો પાડી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા એક નકલી ડોક્ટરને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસની આ તકેદારી પૂર્વકની કાર્યવાહીમાં ખડા પીએચસી સેન્ટરના મેડિકલ સ્ટાફને પણ સાથે રાખવામાં આવ્યો હતો, જેથી આ નકલી ડોક્ટરનો નકાબ ખુલ્લો પાડી શકાય.

તારાપુર મિલનપુરા ગામના મુખી ફળિયાના એક મકાનમાં ગેરકાયદેસર રીતે દવાખાનું ચાલતું હોવાની જાણ થતા પોલીસે પ્લાન મુજબ રેડ કરી હતી. તપાસ દરમિયાન ત્યાં હાજર શખ્સ પાસે કોઈ પણ પ્રકારના તબીબી પ્રમાણપત્રો મળી આવ્યા ન હતા. આ શખ્સ લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા કરી સારવાર આપતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે સ્થળ પરથી એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન અને તબીબી સાધનો મળી કુલ રૂ. 17,926નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આરોપી વિરુદ્ધ તારાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તારાપુર પોલીસની પ્રાથમિક તપાસમાં પકડાયેલો શખસ અમીતોષ આનંદ બાઇન (મૂળ રહે. પશ્ચિમ બંગાળ) હોવાનું કબુલ્યું હતું. આ કાર્યવાહીમાં પોલીસે સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન, સિરપ, ઈન્જેક્શન અને એલોપેથીક દવાઓનો જથ્થો જપ્ત કર્યો હતો.

ખેડૂતને સંમોહિત કરી 1.15 લાખના દાગીના સેરવ્યાં

ગઠિયાઓએ સરનામું પૂછવાના બહાને ખેડૂતને નજરબંધી કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ તાલુકાના નરસંડા-વડતાલ રોડ પર ધોળા દિવસે છેતરપિંડીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. કણજરીના ખેડૂત વિજયકુમાર પટેલ ગત 15 ફેબ્રુઆરીના રોજ પોતાના મિત્ર સાથે પસાર થઈ રહ્યા હતા, ત્યારે સફેદ ફોરવીલ ગાડીમાં આવેલા અજાણ્યા શખ્સોએ તેમને આંતર્યા હતા. આ ગઠિયાઓએ નડિયાદ સંતરામ ડેરીનું સરનામું પૂછવાના બહાને ખેડૂતને વાતોમાં પરોવ્યા હતા.

નડિયાદના નરસંડા-વડતાલ રોડ પર બનેલા બનાવમાં ગાડીમાં સવાર અઘોરી જેવા દેખાતા શખ્સોએ ખેડૂત અને તેમના મિત્રને આશીર્વાદ આપવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ગઠિયાઓએ ખેડૂત પાસે આંકડાના પાન મંગાવી તેમના ચહેરા પર ફેરવતા જ ખેડૂત અસ્વસ્થ થઈ ગયા હતા અને નજરબંધીનો શિકાર બન્યા હતા. ખેડૂત કશું સમજે તે પહેલાં જ ગઠિયાઓએ તેમની આંગળીમાંથી સોનાની વીંટી અને ગળામાંથી સોનાની ચેન સેરવી લીધી હતી. આશરે 4 તોલા જેટલા આ સોનાના દાગીનાની બજાર કિંમત 1,15,000 જેટલી થાય છે.

આ ઘટના બાદ ગઠિયાઓ ગાડી લઈને નાસી છૂટ્યા હતા. ખેડૂતે આ મામલે વડતાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સફેદ કલરની નંબર વગરની ગાડીમાં આવેલા શખ્સો સામે ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

નડિયાદ પેરીફરી વિસ્તારના વેપારીઓને મોટી રાહત, નવી આકારણી મુજબના બિલો રદ કરવા આદેશ

નડિયાદમાં 3 વર્ષ સુધી નવો ટેક્સ નહીં, માત્ર જૂના દરે વેરો વસૂલાશે

ધારાસભ્ય પંકજ દેસાઈની રજૂઆત બાદ મુખ્યમંત્રીનો મહત્વનો નિર્ણય

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ પેરીફરી વિસ્તારની કોમર્શિયલ મિલકતો પર લાદવામાં આવેલા નવા અને તોતિંગ વેરા સામે રાજ્ય સરકારે લાલબત્તી ધરી છે. છેલ્લા એક અઠવાડિયાથી સ્થાનિક વેપારીઓ અને મિલકત ધારકો દ્વારા કરવામાં આવતા વિરોધને પગલે સરકારે સ્પષ્ટ કર્યું છે કે આગામી ૩ વર્ષ સુધી કોઈ નવો ટેક્સ વસૂલવામાં આવશે નહીં અને માત્ર જૂના દર મુજબ જ વેરો લેવામાં આવશે.

આ મામલે નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ સાથે બેઠક યોજી હતી. આ રજૂઆત દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે, કોર્પોરેશનની જાહેરાત વખતે 3 વર્ષ સુધી પ્રજા પર નવો બોજ ન નાખવાની ખાતરી આપવામાં આવી હોવા છતાં અધિકારીઓએ નિયમોનું મનઘડત અર્થઘટન કરી નવી આકારણી મુજબ બિલો ફાડ્યા હતા. આ રજૂઆતને ગ્રાહ્ય રાખી મુખ્યમંત્રીએ ત્વરિત નિર્ણય લઈ નવી આકારણી રદ કરવા અને જૂની પદ્ધતિ અમલી રાખવા આદેશ કર્યો છે.

આ ઉપરાંત અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી સ્ક્વેર ફૂટ કે મીટરના ભાવ મુજબની નવી આકારણી હવે રદ ગણાશે. આ ઉપરાંત, જે મિલકત ધારકોએ જાણકારીના અભાવે કે ડરના માર્યા વધારાનો ટેક્સ ભરી દીધો છે, તેમને તે રકમ પરત મળે અથવા આગામી બિલોમાં જમા મળે તે માટે કમિશનર અને વહીવટદારને રજૂઆત કરવામાં આવશે તેમ ધારાસભ્યએ ઉમેર્યું હતું. સરકારના આ નિર્ણયથી પેરીફરી વિસ્તારના કોમર્શિયલ એકમોમાં આનંદની લાગણી પ્રસરી છે.

આંકલાવ તાલુકા પંચાયતનું પુરાંતવાળુ બજેટ મંજૂર થયું

હિસાબી શાખા દ્વારા રજૂ કરાયેલા આ બજેટ પર સભ્યોએ સકારાત્મક ચર્ચા કરી

(પ્રતિનિધિ) આંકલાવ તા.17

આંકલાવ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને ખાતે સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં નાણાકીય વર્ષ 2026-27 માટે 74.09 કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વર્ષ 2025-26નું સુધારેલ અંદાજપત્ર પણ રજૂ કરી મંજૂર કરાયું હતું.

આગામી નાણાકીય વર્ષ 2026-27 માટે કુલ અંદાજિત આવક 74.09 કરોડ અને અંદાજિત ખર્ચ 74.43 કરોડ રાખવામાં આવ્યો છે. વર્ષની શરૂઆતની 14.57 કરોડની સિલક અને વર્ષ દરમિયાનની આવકને ધ્યાનમાં લેતા, કુલ 88.86 કરોડની સિલક થાય છે. ખર્ચ બાદ કરતાં, વર્ષના અંતે 14.24 કરોડની પુરાંત (બંધ સિલક) અંદાજવામાં આવી છે.

આ અંદાજપત્રને આણંદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ચકાસણી બાદ ગુજરાત પંચાયત ધારાની કલમ-138 (3) મુજબ બહાલી આપવામાં આવી હતી. સભામાં તાલુકાના વિકાસલક્ષી કામો અને નાણાકીય આયોજન પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આંકલાવ તાલુકા પંચાયતના હિસાબી શાખા દ્વારા રજૂ કરાયેલા આ બજેટ પર સભ્યોએ સકારાત્મક ચર્ચા કરી હતી અને સર્વાનુમતે મંજૂરી આપી હતી. આ બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, અન્ય પદાધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદમાં રોજગારીનો મહાકુંભ: 900 યુવાનોના સ્વપ્ન સાકાર થશે

નડિયાદની જેએન્ડજે સાયન્સ કોલેજમાં 51 કંપની 2700થી વધુ વેકેન્સી સાથે ત્રાટકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

ખેડા અને મહિસાગર જિલ્લાના શિક્ષિત યુવાનો માટે રોજગારીની સુવર્ણ તક લાવતા 'મેગા પ્લેસમેન્ટ ફેર'નું નડિયાદની જેએન્ડજે સાયન્સ કોલેજમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર અને કેસીજીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ઘર આંગણે જ નોકરી મેળવવા માટે યુવાનોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ કોલેજમાં આયોજિત પ્લેસમેન્ટ કેમ્પમાં ખેડા અને મહિસાગર જિલ્લાની વિવિધ 17 કોલેજોના અંદાજે દોઢ હજાર જેટલા યુવાનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી 900થી વધુ ઉમેદવારોએ પ્રત્યક્ષ હાજર રહીને ઈન્ટરવ્યુની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ કેમ્પની વિશેષતા એ રહી કે, અહીં 51 જેટલી વિવિધ ઈન્ડસ્ટ્રીઝ 2700થી વધુ વેકેન્સી સાથે ઉપસ્થિત રહી હતી, જેના કારણે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. આ મેગા પ્લેસમેન્ટ કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે રોજગાર અધિકારી, ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય મંત્રીઓ વિશેષ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. અલ્પેશ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, ખાસ કરીને ટીવાય અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓમાં પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે આ કેમ્પને લઈને ખાસ થનગનાટ જોવા મળ્યો છે. મહત્વની વાત એ છે કે, ભરતી પ્રક્રિયા ગણતરીના કલાકોમાં જ પૂર્ણ કરી સિલેક્શન કરવામાં આવશે, જેથી સફળ ઉમેદવારોના હાથમાં ઝડપથી નોકરી આવી શકે.

તસવીર: જશવંતસિંહ રાઠોડ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225